# અદ્વૈતવાદ – કઠોપનિષદના સન્દર્ભમાં

ડૉ. ભારતી એ. પટેલ
સંસ્કૃત વિભાગ
સરકારી વિનયન કૉલેજ, ઝઘડીયા

વેદાન્તાચાર્યોએ વેદાન્તશાસ્ત્રને ત્રણ પ્રસ્થાનોમાં વિભક્ત કર્યું છે – શ્રુતિ, સ્મૃતિ અને ન્યાય. એમાં ઉપનિષદ્ એ શ્રુતિ પ્રસ્થાન છે, ભાગવત, ગીતા વગેરે સ્મૃતિ પ્રસ્થાન છે, બ્રહ્મસૂત્ર વગેરે ન્યાય પ્રસ્થાન છે. ઉપનિષદ એ વેદનો જ્ઞાનકાંડ હોવાથી તેને બ્રહ્મવિદ્યા કહેવામાં આવે છે. બ્રહ્મવિદ્યા જ પરાવિદ્યા, શ્રેષ્ઠવિદ્યા છે. ઉપનિષદોમાં જે બ્રહ્મ વિષયક વિજ્ઞાન પ્રતિપાદિત કરવામાં આવ્યું છે તે પરાવિદ્યા છે. ધર્મવિષયક વિજ્ઞાન એ અપરાવિદ્યા છે, જેને કર્મવિદ્યા પણ કહેવામાં આવે છે. કર્મવિદ્યાનું ફળ તરત જ મળતું નથી. આ કર્મવિદ્યાનું ફળ વિનાશી પણ હોય છે. તેનાથી વિપરિત બ્રહ્મવિદ્યા તત્કાળ ફળ આપનારી તથા અવિનાશી હોય છે. તેથી જ બ્રહ્મવિદ્યા શ્રેષ્ઠ છે. આ બ્રહ્મવિદ્યા મુક્તિનું એક કારણ છે, કર્મવિદ્યા મુક્તિનું કારણ નથી. તે બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિમાં હેતુ અવશ્ય છે. તેથી જ કહેવાયું છે કે જે બ્રહ્મવિદ્યા અથવા આત્મતત્વજ્ઞાન જાણતો નથી, તે પરમાત્માને જાણી શકતો નથી.

શંકરાચાર્યના મતે અદ્વૈતવાદ બધા જ ઉપનિષદોનું તાત્પર્ય છે. બ્રહ્મ જ પરમાર્થ સત્ય છે. દૃશ્યમાન જગત પરમાર્થ સત્ય નથી. તે તો સ્વપ્નમાં જોવામાં આવેલ પદાર્થની જેમ મિથ્યા છે, તથા જીવાત્મા અને બ્રહ્મ એક જ છે, બે નહીં. આ જ ઉપનિષદનો સિદ્ધાન્ત છે. જેને શ્લોકાર્ધમાં રજૂ કર્યો છે.

श्लोकार्द्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थकोटिभिः ।
ब्रह्मसत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरम् ।।

હવે શંકરાચાર્યથી વિરુદ્ધ મત ધરાવનાર વૈષ્ણવાચાર્યની વાત કરીએ તો, તેઓ કહે છે દ્વૈતવાદ જ પ્રાચીન સિદ્ધાન્ત છે. અદ્વૈતવાદ તો નવીન સિદ્ધાન્ત છે. તેના જન્મદાતા શંકરાચાર્ય છે. શંકરાચાર્ય પહેલા અદ્વૈતવાદનું અસ્તિત્વ હતું જ નહીં.

હવે વૈષ્ણવાચાર્યની આ વાત સ્વીકાર્ય નથી. કારણ અદ્વૈતવાદ તો પ્રાચીન જ નહીં, પ્રાચીનતર વાદ છે. ઋગ્વેદના નાસદીય સૂક્તમાં, છાંદોગ્ય ઉપનિષદ(6-2-1)માં, બૃહદારણ્યકોપનિષદ(4-4-19)માં સાંખ્યસૂત્રો(1-21-24)માં અદ્વૈતવાદનું જ પ્રતિપાદન છે. અદ્વૈતવાદના વિરોધી પોતાના પક્ષના સમર્થનમાં કઠોપનિષદનો નીચેનો મન્ત્ર રજૂ કરે છે. જેમકે

ऋतं पिबन्तौ सुकृतस्य लोके
गुहां प्रविष्टौ परमे परार्द्धे
छायातपौ ब्रह्मविदो वदन्ति
पञ्चाग्नयो ये च त्रिणाचिकेताः ।।

આ શરીરમાં એક પોતાના કર્મફળનો ભોગ કરે છે અને બીજો ભોગ કરાવે છે. બન્ને હૃદયાકાશ અને બુદ્ધિમાં પ્રવિષ્ટ છે.

અદ્વૈતવાદના ખંડનમાં द्वा सुपर्णा सयुजा सखाया (मुण्डक 3-9-1) મન્ત્ર રજૂ કરે છે. જો કે પ્રસ્તુત લેખમાં કઠોપનિષદના સંદર્ભમાં ચર્ચા કરવામાં આવી છે.

આ બન્ને મંત્રોને આગળ કરી દ્વૈતવાદી કહે છે કે જીવાત્મા અને પરમાત્મા એક નથી, પરસ્પર ભિન્ન છે. તેમના મતે દ્વૈતવાદ માટે આ બે મન્ત્રો ઉત્કૃષ્ટ પ્રમાણ છે. પરંતુ ઊંડાણથી વિચાર કરવામાં આવે તો પ્રસ્તુત મન્ત્રોમાં દ્વૈતવાદનું સમર્થન નથી કે નથી અદ્વૈતવાદનું ખંડન. અદ્વૈતવાદીઓ બિલકુલ નથી એવું કહેતા નથી. તેને તેઓ શાસ્ત્ર માને છે. ગુરુ-શિષ્યરૂપથી આત્મવિદ્યાનું અનુશીલન કરે છે. તેઓ માત્ર દ્વૈતપ્રપંચની સત્યતા અને પારમાર્થિકત્તાનો સ્વીકાર કરતા નથી. તેઓ કહે છે, દ્વૈતપ્રપંચ વ્યવહારિક અને માયામય છે તથા અદ્વૈત જ પરમાર્થિક સત્ય છે. તેથી ઉપનિષદોમાં દ્વૈતપ્રપંચનો ઉલ્લેખ થઈ શકે છે. પરંતુ દ્વૈતપ્રપંચ સત્ય છે એવો ઉપદેશ કોઈપણ ઉપનિષદનો નથી.

કઠોપનિષદના 'ऋतं पिबन्तौ' મન્ત્રમાં આત્માના ઉપાદિભેદથી જીવાત્મા અને પરમાત્માના રૂપમાં ભેદ પ્રતિપાદિત કર્યો છે. જીવાત્મા અને પરમાત્મા જુદા જ છે એવું કહ્યું નથી. પ્રસ્તુત મન્ત્રમાં ભેદનો સત્યતા બોધક કોઈ પણ શબ્દ નથી. કઠોપનિષદમાં યમ-નચિકેતાનો સંવાદ જોઈએ તો યમ સમક્ષ પ્રથમ બે વરદાન મળ્યા પછી નચિકેતાએ આત્મા દેહેન્દ્રિયોથી ભિન્ન છે કે નહીં, એમ પૂછ્યું. યમરાજે અનેક પ્રલોભનો બતાવીને નચિકેતાને આ વરદાન ન માંગવા સમજાવ્યો. પણ નચિકેતા એકનો બે ન થયો. તેથી નચિકેતાની નિઃસ્પૃહતા જોઈને યમરાજે તેની પ્રશંસા કરી અને આત્મજ્ઞાન થવાથી પરમ પુરુષાર્થ સિદ્ધ થાય છે એમ કહ્યું. નચિકેતાએ આત્માનું યથાર્થ સ્વરૂપ પૂછ્યું ત્યારે યમરાજે આત્માની દેહેન્દ્રિય ભિન્નતા બતાવી અને આત્માના યથાર્થ સ્વરૂપ ની વ્યાખ્યા કરી. આમ'ऋतं पिबन्तौ' યમરાજની ઉક્તિ જવાબરૂપે છે. નચિકેતાએ જીવાત્મા વિષે પૂછ્યું પણ યમરાજ પરમાત્માનો વિષય કેમ કહેવા લાગ્યા? આ તો અપ્રાસંગિક ગણાય, પરંતુ જીવાત્માનું યથાર્થ સ્વરૂપ પરમાત્માના યથાર્થ સ્વરૂપ થી ભિન્ન નથી. જીવાત્મા અને પરમાત્મા એક જ છે માત્ર ઉપાધિભેદથી ઘટાકાશ વગેરેની જેમ તેનો ભેદ જણાઈ આવે છે. તેથી જ યમરાજે નચિકેતાના પ્રશ્નના જવાબમાં જીવાત્મા અને પરમાત્માની વાત કરી. નચિકેતા કહે છે,

येयं प्रेते विचिकित्सा मनुष्ये
ऽस्तीत्येके नायमस्तीति चैके ।
एतद्विद्यामनुशिष्टत्वयाहं
वराणामेष वरस्तृतीयः ।। (કઠ. 1-1-20)

પ્રસ્તુત પ્રશ્નનો જવાબ મેળવ્યા પહેલા પરમાત્મા વિષયક પ્રશ્ન નચિકેતા કરે જ નહીં. યમરાજ આ પ્રશ્નને જટિલ સમજે છે. ત્યાં પરમાત્મ સમ્બન્ધી વિકટ પ્રશ્ન શા માટે કરે? યમરાજ કહે છે તે દુર્વિજ્ઞેય છે. દેવોને પણ સંદેહ થાય છે. તેથી બીજું વરદાન માંગવા કહે છે, પરંતુ નચિકેતાની દૃઢતા અને લોભશૂન્યતા જોઈને તેના પ્રશ્નની અને આત્મજ્ઞાનની પ્રશંસા કરી. એ પછી નચિકેતાએ આત્માનું પરમાર્થ સ્વરૂપ જાણવાની ઈચ્છા કરી. નચિકેતાની યથાર્થ આત્મસ્વરૂપ જાણવાની ઈચ્છા પરમાત્મ વિષયક પ્રશ્ન છે તે કલ્પના અયોગ્ય છે. યમરાજે જે રીતે નચિકેતાને ઉત્તર આપ્યો તેનો વિચાર કરવામાં આવે તો જણાય છે કે જીવાત્મા અને પરમાત્મા એક જ છે, અલગ નહિ. જો નચિકેતાએ જીવાત્મા વિષય પ્રશ્નની પહેલા પરમાત્મા વિષયક પ્રશ્ન પૂછ્યો હોત તો યમરાજ પહેલા જીવાત્મા પછી પરમાત્મા વિષયક ઉત્તર આપે પણ એવું તો ન બને કે યમરાજ પરમાત્મા સમ્બન્ધી વાત કરે અને જીવાત્માનો અલગથી ઉલ્લેખ જ ન કરે.

આગળ જતાં આ ઉપનિષદમાં દ્વૈતવાદનું ખંડન કર્યું હોય તેમ લાગે છે. જેમકે,

मनसैवेदमाप्तव्यं नेह नानास्ति किञ्चन ।
मृत्योः स मृत्युं गच्छति य इह नानेवं पश्यति । (કઠ. 2-1-11)

શાસ્ત્ર અને આચાર્યો દ્વારા સંસ્કૃત મનથી જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે તે બ્રહ્મમાં અણુમાત્ર પણ ભેદ નથી. જે બ્રહ્મમાં જુએ છે તે વારંવાર મૃત્યુને અણુમાત્ર પ્રાપ્ત થાય છે. આમ કઠોપનિષદનો પ્રતિપાદ્ય વિષય અદ્વેતવાદ છે દ્વૈતવાદ નહીં. અદ્વેતવાદી વનધ્યાપુત્ર શશશૃંગની જેમ દ્વૈતને તુચ્છ માનતા નથી. તેઓ એટલું જ કહે છે કે જેમ મનુષ્યના નિદ્રાદોષને લીધે સ્વપ્નમાં જોયેલ પદાર્થ મિથ્યા છે તેમ અવિદ્યારૂપ દોષથી જાગ્રત અવસ્થામાં જોયેલ પદાર્થ પણ મિથ્યા છે. એક માત્ર બ્રહ્મ જ પરમાર્થ સત્ય છે. બ્રહ્મ સિવાય કોઈ પણ પદાર્થ પરમાર્થ સત્ય નથી. પરંતુ પારમાર્થિક સત્તા ન હોવા છતાં પણ સંસારી પદાર્થોની વ્યાવહારિક સત્તા છે અથવા સ્વપ્નમાં જોયેલ પદાર્થ જેમ સ્વપ્નમાં વાસ્તવિક જ લાગે તેમ જગતના પદાર્થો વ્યવહારદશામાં યથાર્થ લાગે છે.

**સંદર્ભ સૂચિ**

૧. પંચાલ, એસ. એમ. ઉપનિષદોની ધર્મમીમાંસા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ
૨. પંડિત, નવનીત ઉપનિષદ્ વાસુદેવશરણ અગ્રવાલ, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઈ
૩. गुप्ता, पुष्पा कठोपनिषद्, चौखम्बा सुरभारती प्रकाशन, वराणसी